ગાંધીનગર સમાચાર

ન્યુ ગાંધીનગરમાં સર્વિસ રોડ પર સ્ટ્રીટ લાઈટના અભાવે નાગરિકોને ભયંકર હાલાકી

# વલાદ પાસે હીટ એન્ડ રન : બે નાં મોત

## ઓઢવથી મેદરા ખાતે ગરબા જોવા આવ્યા બાદ બાઈક પર દંપતી ઘરે પરત ફરી રહ્યું હતું ત્યારે અજાણ્ય વાહને અડફેટે લઈ મોતને ઘાટ ઉતાર્યા : રાત્રે ૧ વાગે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી એક દંપતી બાઈક પર મેદરા ખાતે ગરબા જોવા આવ્યા હતા. રાત્રે એક વાગ્યે પરત ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન તેમના બાઈકને વલાદ પાસે કોઈ અજાણ્યા વાહને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયેલા પતિ-પત્નિના ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા. નેશનલ હાઈવે પર વલાદ પાસેની આ હિટ એન્ડ રનની ઘટનામાં ડભોડા પોલીસે ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય કનુજી પ્રતાપજી ઠાકોર અને તેમની ૨૮ વર્ષીય પત્નિ સુનિતાબેન કનુજી ઠાકોર બંને પોતાના બાઈક નં. જીજે ૧૮ એઈ ૧૦૮૯ લઈને ગાંધીનગર નજીક મેદરા ગામે ગરબા જોવા આવ્યા હતા. રાત્રે બારેક વાગ્યાના અરસામાં દંપતિ પોતાનું બાઈક લઈને નેશનલ હાઈવે નં. ૮ પરથી પોતાના ઘર તરફ પરત ફરી રહ્યા હતા તે દરમિયાન વલાદ પાસે કોઈ અજાણ્યા વાહને બાઈકને જબરદસ્ત ટકકર મારતા પતિ-પત્નિ બંને ગંભીર રીતે ઘવાયા હતા અને બનાવ સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક પળવારમાં ત્યાંથી રફફુચક્કર થઈ ગયો હતો. આ હિટ એન્ડ રન પ્રકરણમાં ડભોડા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી બંને મૃતદેહ પીએમ કરાવી મૃતક કનુજીના બહેન મધુબેન મહેશભાઈ ઠાકોરની ફરિયાદ લઈ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● રંગ અવધૂત પરિવાર દ્વારા બપોરે ૧ કલાકે બાવન દત્ત બાવનીના પાઠ પારૂલબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૭/૧, સેકટર-૨૮ ખાતે યોજાશે.

● કલોલ તાલુકાના સઈજ ગામે સિધ્ધનાથ મહાદેવ મંદિર ખાતે સવારે ૮ કલાકે દત્ત બાવની પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર માણસા રોડ પર રાંધેજા ચોકડી પાસે સ્થિત મેલડી માતાજીના મંદિરમાં તૃતીય પાટોત્સવ ઉજવણી અન્વયે સવારે ૯.૩૦ કલાકે નવચંડી યજ્ઞ તેમજ રાત્રીના ૯.૩૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવશે.

● ઘ-૪ સર્કલ પાસે સવારે ૭ કલાકે પુસ્તક પરબનું આયોજન કરાયેલ છે.

- નજાહખાનમ સૈયદ

## રાષ્ટ્રીય કક્ષાની સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં મનીષા ત્રિપાઠીને મળેલ કુલ છ મેડલ

ગાંધીનગર, તા.૩૧

સ્વીમીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ભોપાલ ખાતે ૧૨મી નેશનલ માસ્ટર્સ એકવેટીક ચેમ્પીયન શીપ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં ગાંધીનગરના મહિલા સ્વીમર મનીષાબેન ત્રિપાઠીએ ૬૦-૬૪ વય ગૃપમાં ભાગ લીધો હતો. નેશનલ કોમ્પીટીશનમાં ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ, ૪x૫૦ મીટર મીડલે રીલેમાં ગોલ્ડ, ૪x૫૦ મીટર ફ્રીસ્ટાઈલમાં રીલેમાં ગોલ્ડ ૧૦૦ મીટર બેકમાં સીલ્વર, ૧૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. કુલ છ મેડલ મેળવી સમગ્ર ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે.

## અવસાન નોંધ

નિવૃત્ત મામલતદાર દિપકભાઈ આચાર્ય તેમજ ભરતભાઈ આચાર્યના પિતા ભાનુશંકર આચાર્યનું અવસાન થતા સદગતનું બેસણું પ્લોટ નં. ૧/૧, હરિનંદ ફલેટની બાજુમાં, રાધા એપાર્ટમેન્ટ, સે-૨૮ ખાતે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.



શુક્રવારે કડવા ચોથના વ્રતની ઉજવણી દેશનાં ઉત્તરી રાજ્યોની માફક ગાંધીનગરમાં પણ શ્રદ્ધાભાવપૂર્વક કરવામાં આવી હતી. સૌભાગ્યવતી સ્ત્રીઓએ દિવસભર ઉપવાસ રાખી રાત્રે ચંદ્રનાં દર્શન કર્યા બાદ પારણાં કર્યાં હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૯ એરફોર્સ કેન્ટીનમાંથી માલ સામાન ચોરી કરનાર શખ્સ ઝડપાયો

### આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૯ ખાતે સ્થિત એરફોર્સની કેન્ટીનમાંથી એક મહિનામાં તબકકાવાર અંદાજે ૩૦ હજારની કિંમતનો વિવિધ માલ સામાન ચોરી થતો હતો તે બાબત ધ્યાને આવતા કેન્ટીન સંચાલકે સે-૭ પોલીસ મથકે ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી શકમંદોની તપાસ કરીને એક શખ્સને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પડયો છે. કેન્ટીનમાં જ નોકરી કરતો ખાનગી વ્યકિત ચોરી કરતો હતો.



એરફોર્સની સેકટર-૯ ખાતે સ્થિત કેન્ટીનમાંથી છેલ્લા એક મહિનાથી થોડો થોડો માલ સામાન ચોરી થઈ રહ્યો હોવાનું કેન્ટીન સંચાલન કરતા અધિકારીઓના ધ્યાને આવ્યું હતું. ૨૧ તારીખે ફેર એન્ડ લવલી ક્રીમના ખોખાનો જથ્થો ચોરી થતા તેમણે સે-૭ પોલીસ મથકમાં ચોરીની ફરીયાદ નોંધાવી હતી તે અગાઉ કોફીના ખોખા ચોરાયા હોવાનું ધ્યાને આવ્યું હતું. સે-૭ પોલીસ મથકનાં પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે રૂ.૩૦ હજારની કિંમતના ચોરીના મુદ્દામાલ સાથે કેન્ટીનમાં જ નોકરી કરતાં એક શખ્સને પકડી પાડયો છે. માલસામાનનું પેકીંગ કરવા માટે નોકરી પર રાખેલ ખાનગી માણસ સુખદેવ રણુ ભરવાડની પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે વધુ પુછપરછ માટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

## ન્યુ ગાંધીનગરમાં સર્વિસ રોડ પર સ્ટ્રીટ લાઈટના અભાવે નાગરિકોને ભયંકર હાલાકી

### નોકરી-વ્યવસાય-અભ્યાસ સ્થળેથી અપડાઉન કરી પરત ફરતી મહિલાઓ-યુવતીઓ અને વરિષ્ઠ નાગરિકોને હાલાકી : ચેઈન સ્નેચર્સથી માંડીને વાંદરા-કૂતરા-સાપ વગેરે પ્રાણીઓનો ભય પણ સતાવે છે

ગાંધીનગર, તા.૩૧

ન્યુ ગાંધીનગરના રાયસણ-કુડાસણ વિસ્તારમાં કોબા હાઈવે પરના સર્વિસ રોડ પર સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા ના હોવાથી નાગિરકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારમાં અસંખ્ય મહિલાઓ નોકરી વ્યવસાય અર્થે, વિદ્યાર્થીનીઓને અભ્યાસ અર્થે તથા વરીષ્ઠ નગરજનો વગેરે તમામને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શિયાળાનો પ્રારંભ થવાથી વહેલુ અંધારુ થતું હોવાને કારણે દરરોજ બહારગામ અપડાઉન કરી મોડી સાંજે પરત ફરતા મુસાફરો સતત ભયના ઓથાર તળે સર્વિસ રોડ પરથી પસાર થાય છે. પગપાળા ચાલતા જતી વખતે વાંદરા-કૂતરા-સાપ વગેરે પ્રાણીઓનો ભય પણ સતાવી રહ્યો છે.

ગાંધીનગર-કોબા હાઈવેની આસપાસ વિકસેલા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં તેજ ગતિએ ખૂબ જ મોટા પ્રમાણમાં નવી વસાહતો વિકાસ પામી છે. જેના કારણે મોટી સંખ્યામાં નવા વસાહતીઓનો વધારો થયો છે. કુડાસણ, રાયસણ, ભાઈજીપુરા અને ધોળાકુવા વિસ્તારમાં કોબા હાઈવેની બંને તરફ વિપુલ પ્રમાણમાં ફલેટસ, એપાર્ટમેન્ટસ તથા ટેનામેન્ટસ, ડુપ્લેક્ષ વગેર મકાનોની સ્કીમો તૈયાર થઈ ગઈ છે અને તેમાં રહેવાસીઓ રહેવા પણ આવી ગયા છે. આ રહેવાસીઓમાં મોટા ભાગના નોકરી-ધંધા-વ્યવસાય અર્થે હજુ પણ બહારગામ અપડાઉન કરી રહ્યાં છે. જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે. વળી આ વિસ્તારના પરિવારોમાં ભણતા બાળકો પણ હોવાથી જેમાં યુવા વર્ગના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે અમદાવાદ કે અન્ય જગ્યાએ અપડાઉન કરી રહ્યા છે. મોટા ભાગના અપડાઉન કરનારાઓને મોડી સાંજના કે રાત્રિના સમયે પરત ફરવાનું થાય છે ત્યારે મુખ્ય માર્ગ પરના બસસ્ટોપ પર ઉતરી ચાલીને પોતાના ઘર સુધી જવું પડે છે. આ સમયે સર્વિસ રોડ પર સ્ટ્રીટલાઈટની સગવડ ના હોવાથી ભયજનક પરિસ્થિતિમાં પસાર થવાનો વારો આવે છે.

કોબા હાઈવે પર ઈન્ફોસીટી, ધોળાકુવા, પ્રતિક મોલ, કુડાસણ, રાયસણ, ભાઈજીપુરા અને પ્રેક્ષાભારતી એ બસ સ્ટોપ આવેલા છે. આ બસ સ્ટોપ પર ઉતર્યા પછી મુસાફરોને પોતાના ઘર સુધી ચાલીને જવું પડે છે. કારણ કે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં હજુ શટલ રીક્ષાઓ કે અન્ય સગવડોનો વિકાસ થયો નથી. વળી આ સોસાયટીઓ અંતરિયાળ વિસ્તાર સુધી વિકસી છે. પરંતુ અંદર સુધી જવા અન્ય કોઈ ટ્રાન્સપોર્ટની સુવિધા નથી. કેટલાક સંપન્ન નાગરિકો પાસે અન્ય વ્હીકલની સગવડ હોય છે પરંતુ આ વિસ્તારમાં મધ્યમવર્ગીય પરિવારોની સંખ્યા સૌથી વધુ છે તેથી આ સગવડ દરેકને પોસાય તેવી નથી. આ સંજોગોમાં જયારે ઘરના અન્ય સભ્યો પણ નોકરી-ધંધા-વ્યવસાય અથવા અભ્યાસ પ્રવૃત્તિમાં જોડાયેલા હોય ત્યારે વાહન હોવા છતાં પીકઅપ કરનાર પણ હાજર ના હોય તેવી સ્થિતિ સર્જાય છે. આ પરિસ્થિતિમાં તમામ મુસાફરો જેમાં મહિલાઓ, યુવતિઓ, કિશોરો અને વયસ્ક નાગરિકો તમામને સર્વિસ રોડ પરથી ચાલીને પસાર થવું પડે છે ત્યારે સ્ટ્રીટ લાઈટના અભાવે ચેઈન સ્નેચર્સથી માંડીન વાંદરા-કૂતરા-સાપ જેવા પ્રાણીનો ભય પણ સતાવે છે. આ વિસ્તારના માર્ગો પર ખાસ કરીને બંને તરફના સર્વિસરોડ પર સ્ટ્રીટ લાઈટની સત્વરે વ્યવસ્થા કરાય તેવી વસાહતીઓમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



આ વખતે શહેરમાં પ્રથમ નોરતેથી શરૂ થયેલા ગરબા શરદપૂર્ણિમા સુધી ચાલ્યા હતા. ગાંધીનગરના સે-૨-ડી ખાતે શરદ પૂર્ણિમાની રાત્રિએ રાસ ગરબાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે યોજવામાં આવેલ આરતીમાં વસાહતની મહિલાઓએ એકસરખા પરંપરાગત વસ્ત્રોમાં હાથમાં દિવડા લઈ ભાગ લીધો હતો જેના કારણે અનોખું દશ્ય ખડું થવા પામ્યું હતું.

## વાતવાતમાં

● દિવાળીનો માહોલ ગૃહિણીઓ પર સવાર છે જેમાં ઘરે ઘરેથી નકામી ચીજવસ્તુઓનો નિકાલ કરાઈ રહ્યો છે. સે-૩માં એક ગૃહિણીએ પસ્તીવાળાને પસ્તી આપી તો તે જોખીને લારીમાં મુકવા ગયો પછી પૈસા આપવા પરત જ આવ્યો નહીં.

● સે-૭માં આજે એક સાથે ત્રણ નીલગાય ઘુસી આવી હતી. આ નીલગાયો જોઈ ઘણા વસાહતીઓ ભયભીત થઈ જવા પામ્યા હતા.

● ગાંધીનગરના પથિકાશ્રમ એસટી ડેપો ખાતે રંગરોગાન કાર્ય હાથ ધરાયું છે. દિવાળી પર્વ નિમિત્તે ડેપો ઝળહળી ઉઠશે તેનો આનંદ છે પરંતુ સાથે સાથે બસ સેવાઓ પણ સુધરી જાય તો ખરી દિવાળી ગણાશે તેવું મુસાફરોમાં ચર્ચાઈ રહ્યું છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સરદાર પટેલ જયંતીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૧

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સરદાર પટેલ જન્મ જયંતિની રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. નહેર યુવા કેન્દ્રના પ્રમુખ રજનીકાંત સુથારે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આ ઉજવણી અન્વયે રાષ્ટ્રીય એકતાના શપથ લેવામાં આવ્યા હતા જયારે વિધાનસભા પોડીયમ ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ પણ સરદાર પટેલના જીવન ઉપર વકતૃત્વ તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા.

## સરદાર પટેલના જીવન કર્મયજ્ઞ અંગે બીજીએ ટાઉનહોલમાં નાટક

ગાંધીનગર, તા.૩૧

રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તેમજ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા તા. ૨ નવેમ્બરના રોજ રાત્રે ૯-૦૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે સરદાર પટેલના જીવનના કર્મયજ્ઞ અંગે નાટક યોજાશે. ધરતીપુત્રથી ભારતરત્ન બનેલ અખંડ ભારતના શિલ્પી તેમજ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનના કર્મયજ્ઞના મહત્વના પ્રસંગોની અસરકારક રજૂઆત નાટય સ્વરૂપે યોજવામાં આવશે. જેમાં લેખન-સંશોધન દીપક અંતાણી, વિજય ઠક્કર, દિગ્દર્શન દીપક અંતાણી, નિર્માણ વ્યસ્થામાં મહેશ પરમાર, પાર્શ્વ વાણી, ચિરાગ ત્રિપાઠી, માર્ગદર્શન પ્રો. સોમેશ્વર ગોહેલ તથા સરદારની ભૂમિકા પ્રશાંત બારોટ દ્વારા નિભાવવામાં આવશે.

# ગાંધીનગરની હેન્ડમેડ ડૉલ્સથી પ્રભાવિત ચેન્નઈના મહિલા આર્ટિસ્ટ

### હરીન ભટ્ટની ડૉલ મેકિંગ આર્ટથી પ્રભાવિત કાત્યાયની પ્રકાશ દોઢ લાખની નોકરી છોડી ચેન્નઈમાં હસ્તકલાની ચીજવસ્તુનો સ્ટોર ચલાવે છે : દક્ષિણ ભારતમાં ઉજવાતા ગોલુ ઉત્સવ માટે થીમ બેઈઝ ડૉલ્સ બનાવડાવવા ગાંધીનગર દોડી આવ્યા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ હરીન ભટ્ટ દ્વારા બનાવાયેલ હાથ બનાવટની ડૉલ્સની ખ્યાતિ દિવસેને દિવસે ચારે દિશામાં ફેલાઈ રહી છે. આ ખ્યતિના પ્રતાપે ચેન્નાઈમાં હેન્ડીક્રાફટ ચીજોનો મોટો સ્ટોર ચલાવતી એક મહિલા આર્ટીસ્ટે ત્રણ દિવસથી તેમને ત્યાં ધામા નાંખ્યા છે. ખાનગી બેંકમાં મહિને દોઢ લાખના પગારની નોકરી છોડી હાથ બનાવટની કલાત્મક ચીજ વસ્તુઓનો વેપાર પ્રારંભ કરનાર આ મહિલાને હરીન ભટ્ટ પાસે દક્ષિણ ભારતના નવરાત્રિ સમયે ઉજવાતા ગોલુ ઉત્સવ માટે ત્યાંની સંસ્કૃતિ આધારિત થીમ બેઝ ડૉલ્સ બનાવવાનો પ્રોજેકટ હાથ ધરવો છે.

ચેન્નાઈમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં મહિને દોઢ લાખનો પગાર પામતા કાત્યાયની પ્રકાશ મહિલા મેનેજરને શરૂઆતથી જ હાથ બનાવટની કલાત્મક ચીજવસ્તુઓ અંગે ઘેલુ લાગેલું હતું. તેમણે ૧૫ વર્ષની નોકરી છોડી પોતાના આ શોખને વ્યવસાય બનાવવાનું નક્કી કર્યું અને હાલ ચેન્નાઈ ખાતે મોટો શૉ રૂમ સાથે એક વર્કશોપ ધરાવે છે. તેઓ પોતાના સ્ટોર પર વેચવામાં આવતી એકએક બનાવટ અંગે તલસ્પર્શી માહિતી મેળવે છે અને તે વેચતી વેળાએ ગ્રાહકને પણ ખંતપૂર્વક ઉત્સાહથી જણાવે છે. તેઓ આ ચીજવસ્તુઓમાં ગુણવત્તા તથા સંસ્કૃતિનો યોગ્ય સમન્વય હોય તેનો ખાસ આગ્રહ રાખે છે. આ કારણે તેમના સ્ટોર પરથી ખરીદી કરનાર ગ્રાહકને આઈએસઓ સ્ટાન્ડર્ડ જેટલો ભરોસો હોય છે તેવું તેમણે ગર્વપૂર્વક જણાવ્યું હતું. આ વ્યવસાય થકી તેઓ શ્રીલંકામાં માર્યા ગયેલા તમિળ માછીમારોની ૪૦ જેટલી વિધવાઓને રોજી રોટી પુરી પાડી રહ્યા છે.

કાત્યાયની પ્રકાશ તેમના આ વ્યવસાય બાબતે એટલા ગંભીર છે કે સતત નવી કલા અને કલાકારની શોધ કરતા રહે છે. ત્રણ વર્ષ પૂર્વે તેમણે ઈન્ટરનેટના માધ્યમથી ગાંધીનગરના સ્કલ્પચર આર્ટિસ્ટ હરીન ભટ્ટના સંપર્કમાં આવ્યા અને તેમની પાસેથી હાથ બનાવટની ડૉલ્સ ખરીદવાનું ચાલુ કર્યું. આ કલાથી પ્રભાવિત થઈ તેઓએ દક્ષિણ ભારતમાં ઉજવાતા લોકપ્રિય ગોલુ ઉત્સવ માટે થીમ બેઝ ડૉલ્સ બનાવવા હરીન ભટ્ટ સમક્ષ પ્રપોઝલ મુકી. પરંતુ આ ડૉલ્સ તેમને સંપૂર્ણ પણે દક્ષિણ ભારતીય સંસ્કૃતિને આધારિત જોઈતી હોવાથી તે અંગે ચર્ચા વિચારણા કરવા જાતે જ ગાંધીનગર દોડી આવ્યા અને ત્રણ ત્રણ દિવસ તેઓએ હરીનભાઈને આ સંસ્કૃતિના પહેરવેશ, ખાસિયતો, મૂલ્યો અને રોજીંદી બનાવટમાં ઉપયોગમાં લેવાતા મટીરીયલ્સ અંગે લેસન આપ્યું હતું. તેમના આ ઉત્સાહ તથા કલાપ્રેમને પિછાણી હરીનભાઈએ પણ ઉમળકાભેર પ્રતિસાદ આપતા સંપૂર્ણ સમય ફાળવી તેમની જરૂરિયાત મુજબ ડૉલ્સ તૈયાર કરવાનું બીડું ઝડપી લીધું છે.

ગોલુ ઉત્સવ એ દક્ષિણ ભારતમાં નવરાત્રી પર્વ દરમિયાન ઉજવાતો નવ દિવસનો ઉત્સવ છે જે દરમિયાન દરેક વ્યકિત પોતાના ઘરે વિવિધ ધાર્મિક કે સામાજિક પ્રસંગો આવરી લેતી ડૉલ ઘરે બનાવી તેને સજાવીને મુકે છે. ત્યારબાદ તમામ નાગરિકો એકબીજાના ઘરે જઈને આ પ્રદર્શન નિહાળે છે. આ ઉત્સવમાં નાગરિકો રામાયણ, મહાભારત, કૃષ્ણ લીલા કે અન્ય પૌરાણિક પ્રસંગોને આવરી લેતી ડૉલ્સ બનાવીને સજાવે છે. આ બનાવટમાં સ્ટીચીંગ, કાપડ, ડીઝાઈન વગેરે તમામ પાસે ઝીણવટભરી તકેદારી રાખવામાં આવે છે. કાત્યાયની પ્રકાશને આ તમામ બાબતોને આવરી લઈ આખે આખા દશ્ય ખડાં થાય તે રીતે થીમ બેઝ ડૉલ્સ બનાવડાવવી છે તે માટે તેમણે ઘણી બધી શોધખોળના અંતે હરીન ભટ્ટ પર પસંદગી ઉતારી છે. તેમની મહેચ્છામાં કોઈ કસર ના રહી જાય તે માટે દક્ષિણ ભારતીય સંસ્કૃતિના તમામ પાસા ઝીણવટપૂર્વક સમજાવવા ગાંધીનગર સુધી દોડી આવ્યા હતા. દક્ષિણ ભારતીય સંસ્કૃતિ અંગે વાત કરતા તે કહે છે અમારે ત્યાં સાડી પહેરેલી મહિલાના પગ દેખાય તે અશિસ્ત ગણાય છે. દક્ષિણ ભારતના લગ્નપ્રસંગોમાં બાર પ્રકારના પ્રસંગો ઉજવાય છે જેમાં જાનવાસમ, કાશી યાત્રા ઉંજલ, મુહુર્તમ, સપ્તપદી, ગૃહપ્રવેશમ, નાલંગુ, કટ્ટ સાધુડે, પંધી, નિચેધાર્તમ, માલઈમાત્રલ, અમ્મીમિધિકલ વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ પ્રસંગોને આવરી લેતી ડૉલ્સ સાથે આખે આખા દશ્ય તૈયાર કરવા છે. કાત્યાયની પ્રકાશ માટે તેમની પ્રોડકટમાં કયાંય પણ પ્લાસ્ટિકનો વપરાશ ના કરવો તે તેમનો સિધ્ધાંત છે. હરીન ભટ્ટ સાથે ત્રણ દિવસની મુલાકાતથી સંપૂર્ણ સંતુષ્ટ હોવા સાથે તેમણે તેમનું સ્વપ્ન પૂર્ણ થશે તેવો આત્મ વિશ્વાસ પ્રગટ કર્યો હતો.



(તસવીર : સમીર રામી)

## શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ અને ઈન્દિરા ગાંધીની પુણ્યતિથી નિમિત્તે કોંગ્રેસ કાર્યાલય, સે-૨૨ ખાતે શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેર પ્રમુખ ડૉ.કૌશિક શાહ તથા જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ પ્રેરણારૂપી ઉદબોધન આપ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા નીશીથ વ્યાસ, પ્રભારી માયાબેન દવે, અશ્વિનભાઈ પરમાર વિરોધ પક્ષના નેતા પ્રવીણભાઈ પટેલ, ચીમનભાઈ વિઝુંડા, અશોકભાઈ શ્રીમાળી, વિક્રમસિંહ ખાચર, તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, સી.એમ. વર્મા, કે.પી. સોલંકી, વિજયભાઈ સોલંકી, રાકેશ જાની, મૂતુલ જોશી, નામદેવ વર્ષાત, અનંત યાજ્ઞિક, મહુલ પટેલ, હેનીથ રાઠોડ, આઈ.એચ. ખેગાર, મુકેશભાઈ મારૂ, ઈશ્વરભાઈ દેસાઈ, હિંમતલાલ મેકવાન, વિનોદ મેણાત, પી.જે. સુનીલ, કનુભાઈ પરમાર, વિરેન્દ્રસિંહ વાઘેલા, મંદિપસિંહ વાઘેલા, મેહુલ રાઠોડ, ભદ્રેશભાઈ સોની, સી.કે. સોની, મુકેશ શાહ, જયંતિભાઈ પટેલ, એલ.એન. પરમાર, કનુભાઈ પ્રજાપતિ, નરેન્દ્રસિંહ કુંપાવત, સવિતાબેન ડાભી, અનીતાબેન સોલંકી, જશીબેન શ્રીમાળી વિમલાબેન વેગડા, કપિલાબેન ચાવડા, આર.બી. સીસોદીયા, રતિલાલ શ્રીમાળી, યુસુફ પઠાણ, ડૉ.અજીત પરમાર તેમજ શહેર કોંગ્રેસના હોદેદારો, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. મોહિતકુમાર ભરતભાઈ નાયી, ઉ.વ. ૧૯
- સ્વ. ઠાકોર રવાજી સોમજી, ઉ.વ. ૬૦
- સ્વ. ગાભાજી સોમાજી મકવાણા, ઉ.વ. ૫૦